# ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

## સાબરકાંઠા - અરવલ્લી

તા.૨૨-૧૦-૨૦૨૧, શુક્રવાર




# અરવલ્લી જિલ્લામાં દિવાળીના તહેવાર ટાણે ડેન્ગ્યુનો ડંખ

### ૩૫૦ થી પણ વધુ ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ : મચ્છરોને નાથવાની કામગીરીમાં તંત્ર નિષ્ફળ, ધનસુરા-મોડાસા-બાયડમાં વિકટ સ્થિતિ

હિંમતનગર, તા.૨૧

અરવલ્લી જિલ્લામાં દિપાવલીના તહેવારો ટાણે રોગચાળાએ માથું ઉંચક્યું છે. એડિસ મચ્છરોનો ઉપદ્રવ વધતાં ૩૫૦થી પણ વધુ ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ જણાતાં આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરોને નાથવાની કામગીરીમાં નિષ્ફળ રહેતા ડેન્ગ્યુએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. જિલ્લાના ધનસુરા-મોડાસા અને બાયડમાં અતિવિષ્ફોટક સ્થિતિ છે. તંત્ર ગંભીર નહિ બને તો રોગચાળો હાહાકાર મચાવી શકે છે.

જિલ્લામાં સામાન્ય રીતે ચોમાસામાં મચ્છરોનો ઉપદ્રવ વધતો હોવાથી મેલેરીયા સહિત ડેન્ગ્યુના કેસ નવરાત્રિ સમયે વધુ બહાર આવતા હોય છે. જિલ્લામાં ચોમાસુ પૂર્ણ થયા પછી પાછોતરો વરસાદ વરસતાં મચ્છરોની ઉત્પત્તિ એકાએક વધી છે જેના કારણે મચ્છરજન્ય બિમારીઓએ ધામા નાખી દીધા છે. જિલ્લામાં મચ્છરજન્ય રોગચાળાને રોકવા માટે આરોગ્ય





વિભાગ દ્વારા ચોક્કસ સ્થાનોએ પોળાનાશક કામગીરી તેમજ ફોગીંગથી મચ્છરો ઉપર અંકુશ મેળવવાના પ્રયાસો થયા પરંતુ તે નિષ્ફળ જતાં જિલ્લામાં અંદાજીત ૩૫૦ થી વધુ પણ ડેન્ગ્યુના કેસ પ્રકાશમાં આવ્યા છે. જિલ્લામાં દિપાવલીના તહેવાર ટાણે એડિસ મચ્છરોનો ઉપદ્રવ વધતાં અસંખ્ય દર્દીઓને હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી છે. ડેન્ગ્યુના શંકાસ્પદ ધ્યાનમાં રાખી આરોગ્ય વિભાગ શિબિરો તેમજ અન્ય લોક જાગૃતિ કાર્યક્રમો યોજે છે પરંતુ તેની કોઈ અસર જણાતી નથી. જિલ્લામાં તંત્રની સર્વેની કામગીરી પણ અસરગ્રસ્ત વિસ્તારો પૂરતી સિમિત છે જેના કારણે વધુ ને વધુ શંકાસ્પદ કેસો બહાર આવી રહ્યા છે. છેલ્લા કેટલાય સમયથી જિલ્લામાં મચ્છરજન્ય બિમારીઓએ કાયમી ધામા નાખી દીધા હોય તેવી સ્થિતિના કારણે ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે.

# પોલિસની ભૂમિકા બોલ બચ્ચન જેવી, ફરિયાદથી પોલીસ ગેલમાં-દિવાળી સુધરશે..!

**બાયડ તાલુકાના લાંક પંચાયતના સરપંચ અને તેના પુત્ર સામે દુષ્કર્મ આચર્યાની ફરિયાદ : પહેલાં બિભત્સ ગાળો બોલતી ઓડિયોક્લિપ વાયરલ થઈ અને ત્યારપછી ફરિયાદ**

બાયડ તાલુકાના લાંક ગ્રામ પંચાયતના સરપંચ અને તેમના પુત્ર વિરુદ્ધ ગામની બે સંતાન ધરાવતી મહિલાએ છેલ્લા ૧ વર્ષથી પિતા-પુત્ર દુષ્કર્મ આચરતાં હોવાની ફરિયાદ બાયડ પોલિસ સ્ટેશને નોંધાવતા સમગ્ર જિલ્લામાં સનસનાટી મચી જવાની સાથે ફરિયાદે અને પ્રશ્નોને જન્મ આપ્યો છે. પહેલાં બિભત્સ ગાળો બોલતી ઓડિયોક્લિપ વાયરલ થયા પછી કેટલાંક ખાખી વર્દીઓ ઝવેરી બજારની આસપાસ આંટા-ફેરા મારતાં જોવ મળ્યા અને છેવટે મહિલાએ ફરિયાદ નોંધાયા પછી બાયડ પોલિસની ભૂમિકા બોલ બચ્ચન જેવી થઈ છે. ફરિયાદથી પોલિસ ગેલમાં આવી કેટલાંકનું દૂધ કાઢી મલાઈ તારવી લેશે તેવી લોકચર્ચાએ જન્મ લીધો છે. ફરિયાદ પછી કોની દિવાળી સુધરશે તે જગજાહેર છે.

છેલ્લાં કેટલાંક સમયથી બાયડ પોલિસ ગંભીર ફરિયાદોનું ગળે ટૂપો દેતી હોય તેવા આક્ષેપ છે. બાયડ ટાઉનના કેટલાંક પોલિસ કર્મીઓ છેલ્લાં ૫ મહિનામાં જે ખેલ પાર પાડ્યા અને જિલ્લા પોલિસ કચેરી સુધી ફરિયાદ પછી પણ કેટલાંક અધિકારીઓ કમાઉ દિકરાઓને છાવરતાં હોવના આક્ષેપ છે.કેટલાંક લોકો પોલિસના વર્તનથી સમસમીને હવે નવા ગૃહરાજ્ય મંત્રી સમક્ષ પહોંચીની આધાર પુરાવા સાથે રજુઆત કરવાના છે ત્યારે છેલ્લા એક મહિનાથી લાંક ગામની પરણિત મહિલાએ ગામનો સરપંચ તેના ઉપર દુષ્કર્મ ગુજાર્યું અને અહિંયા ન લખી શકાય તેવી વાતોની ઓડિયોક્લિપ વાયરલ થઈ પોતાને સજ્જન સમજતાં અનેક લોકોએ છાણેછપને ઓડિયોક્લિપ વારંવાર સાંભળી જેમાં મહિલા ઉપર ગામના સરપંચે બળજબરીથી દુષ્કર્મ આચાર્યાનું સાંભળવા મળ્યું. બાયડ પોલિસે જેતે સમયે ફરિયાદ ન લેતાં મહિલા પોલિસ વડાના દરબારમાં પહોંચી જ્યાં અધિકારી દ્વારા સાચી વિગતો હોય તે ફરિયાદ આપવા માંગમમાં મહિલાને જણાવ્યું અને ત્યાર પછી ૧૮ દિવસ પછી બાયડ પોલિસે લાંક ગામની મહિલા ઉપર વારંવાર દુષ્કર્મ આચારનાર ગામના સરપંચ અને તેના પુત્ર વિરુદ્ધ દુષ્કર્મનો ગુન્હો નોંધી અપરાધી પૈકીના સરપંચના પુત્રની અટક કરી છે. દુષ્કર્મનો ભોગ બનેલી મહિલાને મેડિકલ પરીક્ષણ માટે લઈ જવામાં આવી છે. જો પોલિસ આ મામલામાં નિષ્પક્ષ તપાસ કરશે તો જિલ્લાન ઈતિહાસની મોટી ઘટનાઓ પ્રકાશમાં આવી શકે છે.

### અધિકારીઓ સેટીંગ કરવાની ફીરાકમાં

## પુરવઠા તંત્ર લાપરવાહ : જિલ્લામાં દિપોત્સવી પર્વની શરૂઆત છતાં ફરસાણનું ભાવ બાંધણું અદ્ધરતાલ

### ગરીબો માટે દિપાવલીનું પર્વ હૈયાહોળી સમાન

બાયડ(બ્યુરો ઓફિસ), તા.૨૧

રાજ્યમાં મગફળીના પાકની બમ્પર આવક પછી સીંગતેલના ભાવ સતત ઘટી રહ્યા છે. આવતા સપ્તાહ પછી દિપોત્સવી પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે પુરવઠા તંત્રએ વેપારીઓ સાથે બેઠક યોજી શક્યા નથી જેના કારણે ફરસાણનું ભાવ બાંધણું અદ્ધરતાલ રહ્યું છે.



જિલ્લામાં પુરવઠા તંત્ર પોતાની દિવાળી સુધારવામાં પડતાં તેની માઠી અસર ગરીબ પરિવારો ઉપર થવાની સંભાવના છે. લોકચર્ચા તો એવી ચાલી છે કે પુરવઠા વિભાગના એક અધિકારીએ સસ્તા દુકાનદારોને ભલે ઓછું અનાજ આપો પરંતુ અમારૂં વિચારજો..જો કે ભ્રષ્ટાચાર અટકાવવા માટે કોમેન્ટ કરી છે કે પછી ભ્રષ્ટાચાર માટેનો પોતાનો અભિપ્રાય આપ્યો છે..તે બાબત હજુ અનુત્તર રહી છે. દિપોત્સવી પર્વ આવે ત્યારે દર વર્ષે ફરસાણના વેપારીઓ સાથે પુરવઠા વિભાગ બેઠક યોજતું અને ફરસાણના ભાવ કીલો ગ્રામ દીઠ ફિક્સ કરવામાં આવતા હતા. પરંતુ આ વર્ષે હજુ સુધી ભાવ બાંધણું થયું નથી. જેના કારણે ફરસાણના કેટલાક વેપારીઓ પુરવઠા વિભાગના સંપૂર્ણ આશીર્વાદના કારણે બાહુબલી બનીને બહાર આવ્યા છે. અગાઉ કઠોળના ભાવમાં ઘટાડો અને ત્યારબાદ સીંગતેલનો ભાવ ઉંધા માથે પટકાયો હોવાથી ફરસાણનો ભાવ કીલોગ્રામ દીઠ ૩૦ થી ૪૦ રૂા. ઘટવાની સંભાવના છે છતાં પુરવઠા તંત્ર આ વર્ષે ભાવ બાંધણા બાબતે કેમ નાકામ રહ્યું..?? તેવા અનેક સવાલ ગુમરાઈ રહ્યા છે.

# ઉત્તર ગુજરાતમાં ફટાકડાના ભાવમાં ૧૦ થી ૨૫ ટકાનો વધારો, લાલચુ વેપારીઓને ચાઈના મોહ દૂર થતો નથી..!!

હિંમતનગર, તા.૨૧

ભારતીય સેનાએ સર્જીકલ સ્ટ્રાઈક કરી આતંકવાદીઓને મોતને ઘાટ ઉતાર્યા પછી પાકીસ્તાન-ચીનની વધતી મૈત્રીના કારણે દેશવાસીઓ રોષે ભરાયા છે. ચાઈનાના માલનો બહિષ્કાર કરવાનું બ્યુગલ ગુજરાતમાંથી ફુંકાયું પરંતુ તેની ૩ વર્ષ પછી પણ કોઈ તેની ધારી અસર જોવા મળી નથી. આવતા મહિને દિપાવલી પર્વ શરૂ થવાનું છે ફટાકડા બજારમાં ૧૦ થી ૨૫ ટકાનો વધારો થયો છે. ત્યારે હજુ પણ કેટલાંક લાલચું વેપારીઓ અંદરખાને ચાઈના ફટાકડાના વેચાણ માટે સક્રીય હોવાની વિગતો સામે આવતા રોષ ઉભરી આવ્યો છે.

ગુજરાતના બજારમાં જ્યાં નજર કરો ત્યાં ચીની ડ્રેગન છવાઈ ગયું છે. એક સમયે ઈડરનું



રમકડા બજાર સમગ્ર દેશમાં ખ્યાતનામ હતું પરંતુ ચાઈનીઝ રમકડાંના કારણે તેનું અસ્તિત્વ વિસારે પડી ગયું છે. ધીમે ધીમે દિપાવલી પર્વ દરમ્યાન દીવડા, રોશની ત્યારબાદ ફટાકડામાં ચીનનો જાદુ ચાલી જતાં સ્થાનિક ઉત્પાદકોને ભીખ માગવા જેવી સ્થિતિ આવી ગઈ. કાશ્મીરના ઉરીમાં થયેલા આતંકી હુમલા પછી ભારતીય લશ્કરે તાકાત દેખાડતાં પાકીસ્તાન રીતસરનું ફફડી ગયું છે. સમગ્ર વિશ્વમાં એકમાત્ર ચીન તેની પડખે રહેતાં હવે ચીનને પણ પાઠ ભણાવવાના ઈરાદે તેની પ્રોડક્ટનો બહિષ્કાર કરવાનું અભિયાન પાછલા વર્ષોથી શરૂ થયું છે પરંતુ તેમાં જોઈએ તેટલી સફળતા મળી નથી. ગુજરાતના અનેક વેપારીઓને પણ ચીનના રમકડાં અને ફટાકડાંનો મોહ ત્યજી શક્યા નથી. ફરી એકવાર ભારત અને ચીન વચ્ચે તંગદિલીની સ્થિતિ પ્રવર્તિ રહી છે તે જોતાં બજારમાં ચાઈનીઝ ફટાકડા દેખાશે તો ઉગ્ર ઘર્ષણ થવાની દહેશત છે.

## અરવલ્લી જિલ્લામાં સાતમા તબક્કાના સેવાસેતુમાં ૬૩ કાર્યક્રમ યોજાશે

રાજ્યના લોકોને પ્રજાલક્ષી વહિવટની પ્રતિતી થાય અને ઘર આંગણે જ સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જે અંતર્ગત સમગ્ર રાજ્યમાં આજથી સેવાસેતુ કાર્યક્રમનો પ્રારંભ થશે. અરવલ્લી જિલ્લામાં ૨૨ ઓક્ટોબર થી ૫ જાન્યુઆરી દરમિયાન યોજાનાર સાતમાં તબક્કાના સેવાસેતુમાં ૬૩ કાર્યક્રમ યોજાશે. સરકાર દ્વારા નક્કી કરાયેલી ૫૬ સેવાઓનો જેવી કે દિવ્યાંગ સહાય, આધારકાર્ડ, રેશન કાર્ડ, ઉજ્જ્વલા યોજના, આવાસ યોજના સહિત અનેક યોજનાઓના લાભ લોકોને ઘરે જઈ આપવામાં આવશે. તા. ૨૨ ઓક્ટોબર ૨૧ શુક્રવારના રોજ અરવલ્લી જિલ્લાના ભિલોડાના ખોડંબા, બાયડના સાઠંબા ખાતે સેવાસેતુ યોજાશે.

# સાબરકાંઠા-અરવલ્લીના ૫૦૦૦થી વધુ બાળકો-લોકોના આધારકાર્ડ છેલ્લા ૫ મહિનાથી અટવાયાં, જવાબ મળે છે નરોવા..કુંજરોવા..!!

બાયડ (બ્યુરોઓફિસ), તા.૨૧

સરકારે આધારકાર્ડને સર્વમાન્ય પુરાવો ગણતાં આધારકાર્ડ માટે પ્રજા રીતસરની વલખાં મારી રહી છે. શિષ્યવૃત્તિ માટે છાત્રોને આધારકાર્ડ ફરજીયાત બનતાં વહીવટી તંત્ર દ્વારા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં આધારકાર્ડ આપવાની કામગીરી ક્યારેક શરૂ થાય છે અને ક્યારેક ફિડલું વડી જાય છે આ બધામાં અનેક બાળકોએ શિષ્યવૃત્તિ માટે આધારકાર્ડ મેળવાવની કામગીરી કરાવી પરંતુ આધારકાર્ડ મળ્યા નથી પરંતુ વારંવાર આવવા માટેન કહેણ મળતાં વિદ્યાર્થી, વાલીઓ અને શિક્ષકોમાં પણ રોષ જોવા મળ્યો છે જ્યારે અન્ય લોકોના આધારકાર્ડ પણ લાંબા સમયથી મળ્યા ન હોવાનો આક્રોશ જોવા મળ્યો છે. એજન્સીના કર્મચારીઓને પૂછવામાં આવે તો નરોવા..કુંજરોવા જેવા જવાબ મળે છે. ટૂંકમાં આધારકાર્ડની કામગીરી માત્ર તાયફો બની હોય તેવો તાલ બનીને રહી ગયો છે.

કચેરી કે શાળામાં જાઓ એટલે તમારૂ આધારકાર્ડ લાવો..તેવી માંગ થાય છે..!! અરજદાર કાર્ડ તો કઢાવ્યું છે પરંતુ હજુ આવ્યું નથી તેવા જવાબ હવે સાર્વત્રિક બની રહ્યા છે. પરંતુ કોઈ સાંભળનારૂ નથી તે જ રીતે છેલ્લા ૫ મહિનામાં જે કોઈ અરજદારોએ પોતાના આધારકાર્ડ માટે તંત્ર દ્વારા નિશ્ચિત સ્થળે જઈ જરૂરી આધાર રજૂ કરી ફોટા પણ પડાવ્યા હતા અને ટૂંક સમયમાં જ આધારકાર્ડ મળી જશે તેવી સાંત્વના આપી સ્લીપ આપવામાં આવી પરંતુ ૫ મહિનાનો સમયગાળો પસાર થવા છતાં અધધ અરજદારોને આધારકાર્ડ મળ્યા નથી. જેના કારણે ગ્રામ્ય પ્રજાની મુશ્કેલી ઘટવાના બદલે સતત વધી રહી છે.

# વાત્રક નહેરમાં સિંચાઈ માટે પાણી છોડવાનો નિર્ણય લેતું તંત્ર

### ૬૦૦૦ હેક્ટરથી વધુ જમીનને સિંચાઈનો લાભ મળશે

બાયડ (બ્યુરોઓફિસ), તા.૨૧

જિલ્લામાં ગત વર્ષ કરતાં ઓછો વરસાદ જળાશયોમાં પાણીનો ઓછો સંગ્રહ હોવા છતાં સરકાર અને સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખી આગામી તા.૨૦ નવેમ્બરથી વાત્રક નહેરની ડાબા કાંઠાની મુખ્ય કેનાલમાં સિંચાઈ માટે પાણી છોડવાનો નિર્ણય લેવાતાં બાયડ તાલુકાની ૬૦૦૦ હેક્ટરથી વધુ જમીનને રવી વાવેતર માટે સિંચાઈનો લાભ મળશે. તંત્રએ પાણી છોડવાનો નિર્ણય લેતાં ખેડૂતોએ આવકાર્યો છે.

શિયાળો ડગ માંડી રહ્યો છે પરોઢે ઠંડીનો ચમકારો અને બપોરે ઉનાળા જેવી ગરમીના કારણે રવી વાવેતર એક પખવાડિયું વિલંબમાં પડે તેવી સંભાવના છે. પરંતુ ટૂંક સમયમાં પ્રજાને ગરમ વસ્ત્રોમાં લપેટાવું પડે તેવો ઠંડીનો ચમકારો શરૂ થવાની આગાહી પછી જિલ્લાના ખેડૂતોમાં રવી ખેતી માટે ઉત્સાહ જાગ્યો છે. કડાણા ડેમમાં પાણીની ધોધમાર આવક પછી સુજલામ કેનાલ જીવંત બની છે અને ખેડૂતોને રવી ખેતી માટે સુજલામ કેનાલમાંથી પૂરતા પાણી મળે તેવી પૂરેપૂરી સંભાવના વચ્ચે વાત્રક ડેમ સત્તાવાળાઓએ ડેમમાં ૫૦ ટકા પાણીની આવક છતાં ખેડૂતોને રવી સિઝનની ખેતી માટે સળંગ ૬ પાણી આપવાનો નિર્ણય લઈ બાયડ-માલપુર તાલુકાના ખેડૂતોના દિલ જીતી લીધા છે. તાજેતરમાં વાત્રક કોલોનીમાં પાણી છોડવા માટે વિચારણા કરવા ખેડૂત આગેવાનો સાથે બેઠક યોજવામાં આવી જેમાં ખેડૂતોને ડાબા કાંઠાની મુખ્ય નહેર મારફતે લાભાપાંચમ પછી ૬ પાણી આપવાનો નિર્ણય લેવાતા ખેડૂતોએ તંત્રના નિર્ણયને વધાવી લીધો છે. પરંતુ જે વિસ્તારમાં નહેરનું મરામત કામ ચાલતું હશે તે વિસ્તારમાં માત્ર ૩ પાણી આપવાની પ્રથમથી સ્પષ્ટતા કરવામાં આવી છે જેથી ખેડૂતો અને તંત્ર વચ્ચે કોઈ ગ્રજગાહનું નિર્માણ ન થાય. વિભાગના અધિકારી સંસ્કારભાઈ સી. બ્રહ્મભટ્ટએ જણાવ્યું કે વાત્રક ડેમમાં ૫૦ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે છતાં ખેડૂતો સારી રીતે રવી પાક મેળવે તે રીતે સુચના અનુસાર સિંચાઈ માટે પાણી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### દિવાળી પહેલાં બજારમાં રોનક નિશ્ચિત

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના માર્કેટયાર્ડ બમ્પર મગફળીની આવકથી ઉભરાયા

બાયડ (બ્યુરોઓફિસ), તા.૨૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના બજારો-માર્કેટયાર્ડ મગફળીની બમ્પર આવકથી ઉભરાયા છે. ગતરોજ એક જ દિવસમાં જિલ્લાના યાર્ડોમાં ૬૦ હજારથી વધુ બોરીની આવક નોંધાઈ છે જે આગામી બે દિવસ સુધીમાં ૧ લાખ બોરીની આવકને આંક આંબી શકે છે. ખેડૂતોને મગફળીની ગુણવત્તા મુજબ રૂા.૧૧૦૦ થી ૧૪૨૫ સુધીનો ૧ મણ દીઠ ભાવ મળી રહ્યો છે. કેટલાંક વિસ્તારોમાં વેપારીઓએ ઓછા ભાવનું પોત પ્રકાશતાં ખેડૂતોમાં રોષ જોવા મળ્યો જે રીતે બજારોમાં મગફળીની આવક ઠલવાઈ છે તે જોતાં દિવાળી પહેલાં બજારમાં રોનક નિશ્ચિત બની છે. અન્ય વેપારીઓ સારા ધંધા માટે ઉત્સુક દેખાઈ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા-અરવલ્લીમાં ગતવર્ષની સરખામણીએ સરેરાશ કરતા ઓછો વરસાદ વરસ્યો પરંતુ ગત વર્ષની જેમ



આ વર્ષે બમ્પર ખરીફ વાવેતરના કારણે ખેડૂતોમાં ખુશાલી જોવા મળે છે. મગફળી, કપાસ, તુવેર, મકાઈના બમ્પર ઉત્પાદનના આંકડા પ્રથમ વાર સાચા સાબિત થઈ રહ્યા છે. જિલ્લામાં ૪.૯૫ લાખ હેક્ટરથી વધુ જમીનમાં ખરીફ પાકોનું વાવેતર થયું હતું અને ખેતી ઉપર સંકટ ઉભું થાય તે રીતે હવામાન કે વધુ વરસાદનું વિઘ્ન જોવા ન મળ્યું ભલે જળાશયો છલકાયાં નથી પરંતુ ખરીફ વાવેતર પછી બમ્પર ઉત્પાદનથી અન્નખાદ્ય જરૂર ઘટી છે. છેલ્લા દસ દિવસથી મગફળીનો પાક તૈયાર થયા પછી ખેડૂતો યાર્ડો અને ખાનગીબજારમાં માલ વેચવા માટે આવી રહ્યા છે. જેના કારણે બજારો અને યાર્ડો કોરોનાના ૧૮ મહિના પછી પ્રથમવાર જીવંત જોવા મળી રહ્યા છે. મગફળીના એકંદર ઓછા વાવેતર છતાં બંપર ઉત્પાદને વેપારીઓને પણ વિચારતાં કરી દીધા છે.

### ટેકાના ભાવે મગફળી વેચવાની સંભાવના નહિવત

સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદવા માટે રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. હજારો ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવી દીધુ છે પરંતુ ખાનગી બજારોમાં સરકારે જાહેર કરેલા ટેકાના ભાવ કરતાં વધુ ભાવ મળતાં હોવાથી તે લાભ પાંચમ પછી શરૂ થનારા ખરીદી કેન્દ્રો ઉપર મગફળી વેચવાની સંભાવના નહિવત છે. અત્યાર સુધીમાં મગફળીનું ઉત્પાદન કરતા ૬૦ ટકાથી વધુ ખેડૂતોએ યાર્ડોમાં મગફળી વેચી છે.